બાળસુરક્ષા
ગુજરાત સરકાર

# ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી

(સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકારની સ્વાયત્ત સંસ્થા)

સી – વીંગ, ભોંયતળીયું, બિરસા મુંડા ભવન, સેક્ટર- ૧૦, ગાંધીનગર

Phone no: 079-23242521 Fax: 079-23242522

Email: gscps.icps@gmail.com, gujarat.icps@gmail.com Web:www.gscps.in

નં. સસુખા/આઇસીપીએસ/જીએસસીપીએસ/૨૦૧૪-૧૫/૨૦૧૮

તા.૨૪/૧૨/૨૦૧૪

પ્રતિ,

અધિક્ષકશ્રી,

ચિલ્ડ્રન હોમ તથા ઓબ્ઝર્વેશન હોમ,

તમામ જિલ્લા

વિષય : ચાઇલ્ડ ટ્રેકીંગ સીસ્ટમમાં બાળકોની વિગતો ની એન્ટ્રી કરવા બાબત.

સંદર્ભ : મહિલા અને બાળ કલ્યાણ વિભાગનો પત્ર નં D.O.14-2/2007/CW-II તા.૫.૧૨.૨૦૧૪નો પત્ર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા NIC ના સહયોગથી ડેટાબેઝ તૈયાર કરાવવા તથા ખોવાયેલા બાળકોને ટ્રેક કરાવવા નેશનલ પોર્ટલ તરીકે ચાઇલ્ડ ટ્રેકીંગ સીસ્ટમ તૈયાર કરાવવામાં આવેલ છે. જેમાં ગુમ થયેલા અને મળી આવેલ બાળકોની એન્ટ્રી પોલીસ સ્ટેશન તથા બાળ સંભાળ ગૃહોમાં રહેતા બાળકોની એન્ટ્રી બાળ સંભાળ ગૃહ દ્વારા બાળકોની તેમજ ચાઇલ્ડ વેલફેર કમિટી અને જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ દ્વારા તેમના સમક્ષ રજુ કરવામાં આવતા તમામ બાળકોના ઓર્ડર્સની એન્ટ્રી CWC તેમજ JJB દ્વારા કરવાની થાય છે તથા ચિલ્ડ્રન હોમ તથા ઓબ્ઝર્વેશન હોમમાંથી પ્રવેશ પામતા તમામ બાળકોના ફોર્મ ૨૦ તથા ફોર્મ ૨૧ ચાઇલ્ડ ટ્રેકીંગ સીસ્ટમમાં અપલોડ કરવાના રહે છે. તેમજ તે માહિતીને અપડેટ કરવાની રહેશે.

સદર સંદર્ભે જણાવવાનું કે બાળ સંભાળ ગૃહ ને ચાઇલ્ડ ટ્રેકીંગ સીસ્ટમમાં બાળકોની એન્ટ્રી કરવા માટે લોગ ઇન આઇડી તથા પાસવર્ડ ફાળવેલ છે. આ સીસ્ટમના માધ્યમથી આપ આપની સંસ્થામાં કેટલા બાળકોને સંસ્થામાં પ્રવેશ આપ્યો? તેમજ કેટલા બાળકો સંસ્થામાંથી નિકાલ પામ્યા? તેમજ સંસ્થામાં રહેતા બાળકોના પ્રગતિ અહેવાલ વગેરેની માહિતી મેળવી શકાય છે. જિલ્લા કક્ષાએ CWC અને JJB ના કોમ્પ્યુટર ઓપરેટરની ભરતી કરવાની જાણ લેખિતમાં કરવામાં આવેલ છે. જે જિલ્લામાં ભરતીપૂર્ણ ન થઇ હોય તે જિલ્લામાં તાત્કાલિક કોમ્પ્યુટર ઓપરેટર ભરવાની પ્રક્રીયા પૂર્ણ કરી અત્રેની કચેરીને જાણ કરશો.

આપની સંસ્થામાં પ્રવેશ આ કામગીરી માટે આપને ચાઇલ્ડ ટ્રેકીંગ સીસ્ટમ અંગેની તાલીમ આપવામાં આવેલ છે. સદર બાબતનું મોનીટરીંગ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા થઇ રહેલ હોઇ તમામ બાળકોની સંપૂર્ણ એન્ટ્રી નિયમિત થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

સી.ઇ.ઓ., જીએસસીપીએસ,
-વ-
નિયામક, સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના :

- નાયબ નિયામકશ્રી, સીપીડી શાખા, સમાજ સુરક્ષા ખાતુ, ને જાણ સારૂ
- ચેરમેનશ્રી, ચાઇલ્ડ વેલફેર કમિટીને જાણ સારૂ,
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, તમામ જિલ્લાને ભરતી પ્રક્રીયા કરવાની કાર્યવાહી કરવા સારૂ
- જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, તમામ જિલ્લાને ભરતી પ્રક્રીયા કરવાની કાર્યવાહી કરવા સારૂ

બિડાણ : મહિલા અને બાળ કલ્યાણ વિભાગનો પત્ર નં D.O.14-2/2007/CW-II તા.૫.૧૨.૨૦૧૪નો પત્ર.